# કડી કેમ્પસના ૮૭૫ વિદ્યાર્થીઓને ૧.૨૫ કરોડની સ્કોલરશીપ

## માણેકલાલ પટેલ મેમોરીયલ સ્કોલરશીપ અંતર્ગત ૪૧૫ મેરિટ સ્કોલરશીપ તથા ૪૬૦ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ એનાયત : સંસ્થાના પાયામાં જ વિદ્યાર્થીના સર્વાંગી વિકાસનું લક્ષ્ય : ચેરમેન







(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા.૧૨

કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પૂર્વ ચેરમેન સ્વ. માણેકલાલ એમ. પટેલની તૃતિય પુણ્યતિથિ નિમિત્તે સંસ્થા ૮૭૫ તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને માણેકલાલ પટેલ મેમોરીયલ સ્કોલરશીપ એનાયત કરવામાં આવી હતી. રૂ. ૧.૨૫ કરોડની સ્કોલરશીપ ઉપરાંત ૧૨ વિદ્યાર્થીઓને ફી માફી તેમજ પાર્ટ ટાઈમ જોબ પણ આપવામાં આવી હતી.

કર ભલા હોગા ભલાના સૂત્રને સાર્થક કરનાર કડી કેમ્પસના પૂર્વ ચરમેન માણેકલાલની તૃતીય પુણ્યતિથિ નિમિત્તે કડી કેમ્પસના ખીમજી હોલમાં વિદ્યાર્થીઓને સ્કોલરશીપ એનાયત કરવા એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અન્વયે શ્રેષ્ઠ ગુણવત્તા ધરાવતા ૪૧૫ વિદ્યાર્થી વિદ્યાર્થીનીઓને રૂ. ૭૦ લાખની માણેકલાલ પટેલ મેમોરીયલ સ્કોલરશીપ એનાયત કરવામાં આવી હતી. આ ઉપરાંત જરૂરિયાતમંદ ૪૬૦ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ પેટે રૂ. ૫૫ લાખની સહાય કરવામાં આવી હતી. આ ઉપરાંત આર્થિક રીતે નબળી પરિસ્થિતિમાં હોય તેવા ૧૨ વિદ્યાર્થીઓની ફી માફી કરી પાર્ટ ટાઈમ જોબ પણ પુરી પાડવામાં આવી છે. આ તબક્કે સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ પટેલે જણાવ્યું હતું કે સંસ્થાના પાયામાં જ વિદ્યાર્થીના સર્વાંગી વિકાસનું લક્ષ્ય છે. વિદ્યાર્થીઓએ સમાજની મૂડીનો સાચા માર્ગે ઉપયોગ કરવાનો છે. તેમણે વિદ્યાર્થીઓને સમાજના સાચા સંવાહક બનો તેવી આશા વ્યકત કરી હતી. નગરના અગ્રણી કૃષ્ણકાન્ત જહાએ પણ સ્વ. માણેકલાલ પટેલના શિક્ષણક્ષેત્રે નોંધપાત્ર યોગદાનને બિરદાવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના વી.પી. પટેલ, ગાંધીનગર કેળવણી મંડળના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ, ડૉ. રમણભાઈ પટેલ, યુનિવર્સિટીના ડાયરેકટર ડી.ટી. કાપડીયા, વિષ્ણુભાઈ પટેલ, જયંતિભાઈ જોસેફ, બળદેવભાઈ પટેલ, ભોળાભાઈ પટેલ, ભરતભાઈ પટેલ, પ્રભાવતિબેન પટેલ, જે.પી. સાલડિયા, મનુભાઈ પટેલ, ઈશ્વરભાઈ પટેલ, રમેશભાઈ પટેલ, શંકરભાઈ પટેલ, પોપટભાઈ પટેલ, મોહનલાલ પટેલ, અશ્વિનભાઈ પટેલ, વિઠ્ઠલભાઈ ચોકસી, મહેન્દ્રભાઈ પટેલ તેમજ સંસ્થાના હોદેદારો, દાતાઓ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યક્રમનું સંચાલન વર્ષાબેન પારેખે કર્યુ હતું. જયારે કાર્યક્રમના અંતે યુનિવર્સિટીના રજીસ્ટ્રાર સૂર્યક્રિશ્નને આભારવિધિ કરી હતી.

# ઘાયલ પક્ષીઓને નવી ઉડાન આપવા હેલ્પલાઈન

## તા. ૧૪ થી ૧૬ જાન્યુઆરી દરમિયાન ઘાયલ પક્ષીઓને સારવાર અપાશે : ૧૦૦ સ્વયંસેવકોની ટીમ કામે લાગશે

ગાંધીનગર, તા.૧૨

આકાશને રંગીન બનાવવા ઉત્તરાયણના પર્વ દરમિયાન ઉડાન ભરતા અબોલ પશુ-પક્ષીઓની જીવાદોરી ન કપાય તે માટે પક્ષીપ્રેમીઓ ચિંતિત બન્યા છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ઉત્તરાયણના પર્વ દરમિયાન ઘાયલ પશુ-પક્ષીઓને બચાવવા માટે તા. ૧૪ થી ૧૬ જાન્યુઆરી દરમિયાન હેલ્પલાઈન કાર્યરત રહેશે. ગીર ફાઉન્ડેશન, વન વિભાગ અને વનશ્રી ટ્રસ્ટ ના ઉપક્રમે ઘાયલ પક્ષીઓને નવી ઉડાન આપવા અભિયાન હાથ ધરવામાં આવશે.

પતંગ-દોરીના રસિયાઓના ઉત્તરાયણ પર્વ દરમિયાન અબોલ પશુ-પક્ષીઓ દયનીય હાલતમાં મુકાઈ જાય છે. કાતિલ દોરીના લીધે પક્ષીઓની જીવનદોરી કપાઈ જાય છે. આકાશને રંગીન બનાવવા આ પર્વ દરમિયાન ઘાયલ પક્ષીઓની સારવાર માટે વન વિભાગ અને વનશ્રી ટ્રસ્ટ દ્વારા પક્ષી બચાવો અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ અંગે વનશ્રી ટ્રસ્ટના અંજના નિમાવતે માહિતી આપતા જણાવ્યું હતું કે ઘાયલ પક્ષીને બચાવવા તા. ૧૪ થી ૧૬ જાન્યુઆરી દરમિયાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેવા કાર્ય માટે સેકટર દીઠ ૫ સ્વયંસેવકોની ટીમ બનાવવામાં આવી છે.જયારે ૧૦૦થી વધુ સ્વયંસેવકો તેમજ ૪૦ જેટલા બાઈકચાલકો ઘાયલ પક્ષીઓને સારવાર પુરી પાડવાની ઉમદા સેવા કરશે. શહેર તેમજ આસપાસના વિસ્તારમાં ઘાયલ પક્ષીઓને સારવાર આપવા હેલ્પ લાઈનના મોબાઈલ નંબર ૮૪૬૦૬૧૯૫૧૯, ૯૪૨૬૪૦૧૭૦૧, ૯૮૨૪૨૫૬૪૧૦૫૨ સંપર્ક કરવા જણાવાયું છે.

# આર.ટી.ઓ.માં રકતદાન

## રોડ સેફટી વીક અન્વયે આર.ટી.ઓ. કચેરીમાં વાહનચાલકોની દ્રષ્ટિ ચકાસણી માટે કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૧૨

માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી અન્વે આર.ટી.ઓ. કચેરીમાં આજે બ્લડ ડોનેશન કેમ્પ તેમજ આંખની તપાસ માટે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આર.ટી.ઓ.ના કર્મચારીઓએ પણ રકતદાન કર્યું હતું. જયારે કચેરીમાં વાહનનોંધણી અર્થે આવતા ચાલકો સહીત ૧૦૦થી વધુ મુલાકાતીઓએ આંખોની તપાસ કરાવી હતી.



જિલ્લામાં માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી અન્વયે વાહનચાલકોમાં જનજાગૃતિ કેળવાય તે માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સપ્તાહના બીજા દિવસે 'ગ' માર્ગ પર સ્થિત આર.ટી.ઓ. કચેરીમાં આંખની તપાસ તેમજ રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન આર.ટી.ઓ. કચેરીના કર્મચારીઓ ઉપરાંત મુલાકાતીઓએ પણ રકતદાન કર્યું હતું. એ.આર.ટી.ઓ. ઋત્વીકા દાણીએ પણ કર્મચારીઓને પ્રોત્સાહિત કર્યા હતા. જયારે દિવસ દરમિયાન આર.ટી.ઓ. માં વાહન નોંધણી અર્થે આવતા મુલાકાતીઓની પણ દ્રષ્ટિ ચકાસણી કરવામાં આવી હતી. આ કેમ્પ દરમિયાન આંખોની તપાસ ઉપરાંત બ્લડપ્રેસર અને ડાયાબીટીસની પણ તપાસ કરવામાં આવી હતી. માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી દરમિયાન વાહનોને અગાઉ રીફલેકટર્સ લગાવાયા હતા જયારે રોડ સેફટી માટે નાગરિકોને એલર્ટ કરતા બેનર્સ પણ લગાવાયા છે. આગામી દિવસમાં શાળા કોલેજના વિદ્યાર્થીઓને પણ જરુરી માર્ગદર્શન આપવામાં આવશે.

# વાઈબ્રન્ટને પગલે ઘ-૩ થી ઘ-૫ માર્ગ બંધ રહેતા સ્થાનિકોમાં રોષ

ગાંધીનગર, તા. ૧૨

વાઈબ્રન્ટ સમિટને પગલે ગાંધીનગર શહેરના મુખ્ય માર્ગ સમા 'ઘ' માર્ગને ઘ-૩ થી ઘ-૫ સુધી એકાએક બંધ કરી દેવાતા નાગરિકો અને વાહનચાલકો ભારે રોષે ભરાયા હતા. અને એક કિ.મી.ના અંતર સુધી જવા માટે પાંચ-પાંચ કિમી ફરી ફરીને જવાનો વારો આવ્યો હતો. આથી આજે શહેરભર માર્ગો પર ભારે ટ્રાફિક જામની સ્થિતિ જોવા મળી હતી.

ગાંધીનગર શહેરમાં છેલ્લા પાંચ દિવસથી વાઈબ્રન્ટ સમિટ, ગ્લોબલ ટ્રેડ અને પ્રવાસી ભારતીય દિવસને લઈ ગાંધીનગરના માર્ગો પર ટ્રાફિક જામ થવાની સમસ્યા વધી ગઈ છે. દરરોજ હજારોની સંખ્યામાં મોંઘીદાટ કારોનો જમાવડો થઈ રહ્યો છે. ત્યારે આજે બપોરે વાઈબ્રન્ટ સમિટના બીજા દિવસે શહેરના હાર્દ સમા ઘ-માર્ગ ઘ-૩ થી ઘ-૫ સુધી ટ્રાફિક પોલીસ દ્વારા અવરજવર માટે સંપૂર્ણ બંધ કરી નાખતા સ્થાનિકો ભારે મુંજવણમાં મુકાઈ ગયા હતા અને નવા સેક્ટરોમાં રહેતા લોકોએ ઘ-૫ કામકાજ અર્થે જવા માટે - ચ માર્ગ અથવા છ માર્ગ પર જવાની ફરજ પડી હતી તો બીજી બાજુ શહેરનો ખ-માર્ગ ખ-૦ થી ખ-૫, ગ-માર્ગ ગ-૩ થી ગ-૫ અને ઘ-માર્ગ - ઘ-૩ થી ઘ-૫ સુધી બંધ રહેતા બધો ટ્રાફિક ચ-માર્ગ પર જામ થયો હતો. આથી સ્થાનિકોમાં રોષ જોવા મળ્યો હતો. એક જ માર્ગ પર સંપૂર્ણ ટ્રાફિક થતા ગાંધીનગરના ટ્રાફિક પર ભારે અસર જોવા મળી હતી.

# દેશભરમાં ૨૪ કલાક વ્યાજબી ભાવે વિજળી આપવા કેન્દ્ર પ્રતિબદ્ધ

ગાંધીનગર, તા.૧૨

મહાત્મા મંદિર ખાતે યાજોયેલ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ - ૨૦૧૫ના આજે બીજા દિવસે "સર્વને માટે ટકાઉ ઉર્જા" વિષય પરના સેમિનારમાં બોલતાં કેન્દ્રીય ઉર્જા, કોલસા અને નવીન તથા પુનઃ પ્રાપ્ય ઉર્જા રાજ્ય મંત્રી શ્રી પિયૂષ ગોયેલે જણાવ્યું કે સરકાર તમામ માટે ૨૪ કલાક પરવડી શકે એવી, ગુણવત્તાયુક્ત અને સ્વચ્છ વીજળી આપવા પ્રતિબદ્ધ છે. એમણે કહ્યું કે તમામ પ્રયત્નો છતાં હજુ આજે ૫૬ મિલિયન ઘરોના ૨૮૦ મિલિયન લોકો વીજળી વગરના છે. આથી આપણે આપણું ઉર્જા ઉત્પાદન વધારવું પડશે. હાલના ટ્રિલિયન યુનિટના ઉત્પાદનને વર્ષ ૨૦૧૯ સુધીમાં બે ટ્રિલિયન યુનિટ્સ કરવાનું લક્ષ્ય હોવાનું ઉમેરી એમણે જણાવ્યુંકે આને માટે જંગી મૂડીરોકાણની જરૂર પડશે અને વાયબ્રન્ટ ગુજરાત સમિટ મૂડીરોકાણ લાવવા માટે અગત્યની ભૂમિકા ભજવી શકે એમ છે.

શ્રી ગોયલે પુનઃ પ્રાપ્ય ઉર્જા પર્યાવરણના રક્ષણમાં જરૂરી હોવાનું જણાવી ઉમેર્યુ કે આગામી વર્ષોમાં આ ક્ષેત્રે ૧૫૦ બિલિયન ડૉલરના મૂડીરોકાણની તકો રહેલી છે. અને આ માટે આગામી ફેબ્રુઆરીમાં એમનું મંત્રાલય રિન્યૂએબલ એનર્જી ઈન્વેસ્ટમેન્ટ સમિટનું આયોજન કરી રહ્યું છે. એમણે કહ્યું કે સરકારે વર્ષ

● અનુસંધાન પાન-૭ પર

# ઉત્તરાયણના દિવસે વિટકોસની સીટીબસ સેવા બંધ રહેશે

ગાંધીનગર, તા. ૧૨

ઉત્તરાયણના પર્વ દરમિયાન વિટકોસની સીટી બસ સેવા બંધ રહેશે. તા. ૧૪ જાન્યુઆરીના રોજ સેક્ટરો તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં દોડતી સીટીબસની સેવા આમ નાગરિકોને ઉપલબ્ધ થશે નહી. વિટકોસ ટ્રાન્સપોર્ટેશન પ્રા.લી.ના મેનેજર વિરેન્દ્રસિંહ રાણાએ આ અંગે જણાવ્યું છે કે, તા. ૧૪મી જાન્યુઆરીના રોજ વિટકોસની સીટી બસો માર્ગ પર દોડશે નહી. જ્યારે ૧૫મી જાન્યુઆરીએ રાબેતા મુજબ બસસેવા ચાલુ રહેશે. જેની નગરજનોને નોંધ લેવા પણ તેમણે જણાવ્યું છે. શહેરના સેક્ટરો તેમજ આસપાસના વિસ્તારમાં દોડતી સીટીબસ હરહંમેશ મુસાફરોથી ભરચક જોવા મળે છે. ત્યારે ઉત્તરાયણના દિવસે સીટી બસો બંધ રહેતા શહેરનો વાહનવ્યવહાર પ્રભાવિત થશે.

# અમુલ દ્વારા મિલ્ક કાર્ડની યોજનાનો આરંભ : ગ્રાહકોને સરળતા

## દૂધ માટે પ્રિ-પ્રેઈડ સ્માર્ટ કાર્ડ યોજના દેશમાં પ્રથમવાર પરચુરણ અને સિક્કાની સમસ્યામાંથી છૂટકારો થશે

ગાંધીનગર, તા. ૧૨

અમુલ દ્વારા સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાના સહયોગથી મિલ્કકાર્ડ-પ્રિપેઈડ સ્માર્ટ કાર્ડની શરૂઆત કરવામાં આવી છે. આ યોજના અન્વયે ગ્રાહકો અમુલના પસંદગીના વેચાણકેન્દ્રો પરથી પરચુરણની માથાકુટ વિના સરળતાથી ખરીદી કરી શકશે. પ્રાથમિક તબક્કે અમદાવાદના ૧૦ વેચાણ કેન્દ્રો ઉપર આ સેવા ઉપલબ્ધ કરવામાં આવી છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ચેરમેન અરૂંધતી ભટ્ટાચાર્ય તેમજ ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના એમ.ડી. આર. એસ. સોઢીએ કાર્ડ યોજનાની આજે શરૂઆત હતી.

ગ્રાહકોને ધ્યાનમાં રાખી અમુલ દ્વારા સ્ટેટ બેંકના સહયોગથી મિલ્ક કાર્ડની યોજના અમલમાં મુકવામાં આવી છે. પ્રિ-પેઈડ સ્માર્ટ કાર્ડ યોજનાના શુભારંભ પ્રસંગે ઉપસ્થિત ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના મેનેજીંગ ડિરેકટર આર.એમ. સોઢીએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, પ્રિપેઈડ સ્માર્ટ કાર્ડની યોજનામાં ઉદ્દેશ ગ્રાહકોની સાથે આર્થિક લેવડ-દેવડની પડતી સુગમ તેમજ અવરોધમુક્ત બને તેવો છે. પ્રારંભિક ઓફર તરીકે આ કાર્ડની ખરીદીમાં કોઈ પ્રવેશ ફી રાખવામાં આવી નથી જ્યારે ગ્રાહક અમુલના તમામ વેચાણ કેન્દ્રો ખાતે તેમાં ટોપ-અપ કરાવી શકશે. રીચાર્જ માટેની ઓછામાં ઓછી રકમ રૂ. ૧૦૦ અને મહત્તમ રૂ. ૩૦૦૦ નક્કી કરવામાં આવી છે. કાર્ડના ઉપયોગના અંતે ગ્રાહકને એસ.એમ.એસ.થી એલર્ટ કરવામાં આવશે.

તેમણે જણાવ્યું હતું કે આ પ્રકારનું મિલ્ક કાર્ડ દેશમાં પ્રથમવાર રજૂ કરવામાં આવ્યું છે. દૂધ અને ડેરી પ્રોડક્ટસ ઘર ખર્ચમાં સૌથી મોટો હીસ્સો ધરાવે છે. જેનો તબક્કાવાર તમામ પરિવારજનોને લાભ મળશે. દરરોજ ૧૦૦ લાખ લીટરના વેચાણ સાથે અમુલ દૂધ દેશની સૌથી મોટી મિલ્ક બ્રાન્ડ બન્યું છે. સ્માર્ટ કાર્ડની યોજનાના લીધે ગ્રાહકોને પરચુરણ તથા સિક્કાની સમસ્યામાંથી છૂટકારો મળશે. પ્રથમ તબક્કામાં અમદાવાદના ૧૦ વિસ્તારના વેચાણ કેન્દ્રો ઉર આ સેવા ઉપલબ્ધ થશે. ત્યારબાદ યોજનાને વિસ્તારવામાં આવશે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ચેરમેન અરૂંધતી ભટ્ટાચાર્યએ પણ આ યોજનાને બિરદાવી વધુ સહયોગ પુરો પાડવાની ખાત્રી આપી હતી.

# શહેરમાં ઠંડીનું મોજુ યથાવત

દિવસ દરમ્યાન મહત્તમ તાપમાન ઉંચુ રહેતા ઠંડીનો અહેસાસ ઘટી ગયો છે. જો કે રાત્રે લઘુત્તમ તાપમાન ઘટ્યુ છે અને ૮.૬ ડિ.સે. સુધી પહોંચતા રાત્રે હજુ ઠંડીનો અહેસાસ થાય છે. છેલ્લા કેટલાક દિવસોથી મહત્તમ તાપમાનમાં વધારો થઈ રહ્યો છે. આજે તો મહત્તમ તાપમાન ૩૦.૫ ડિ.સે. નોંધાયું હતું. બપોરે તો થોડેક સમય ગરમીનો અહેસાસ થતો હતો. જો કે સાંજ પડતા જ વાતાવરણમાં ઠંડક છવાઈ જાય છે અને ઠંડી વધતી ચાલે છે. ગઈકાલે રાત્રે લઘુત્તમ તાપમાન ૮.૬ ડિ.સે. સુધી પહોંચી જતા ઠંડીનો અનુભવ થયો હતો.



આફ્રિકામાં પણ ગુજરાતી ઓળખનું એક નવું સૌપાન બનેલા મહેતા પરિવારના સૌ સદસ્યો બીજી અને ત્રીજી પેઢીના સાથે મળે અને જે હેતના હિંચકે જુલાય સ્મરણો - ગાંધીનગર ખાતે મીનાક્ષી પરિવારના શ્રી નિશીત વ્યાસના નિવાસ સ્થાને આફ્રિકા અને ભારતના અગ્રણી ઉદ્યોગપતિ મહેતા પરિવાર અતિથિ બન્યું અને ત્રણ-ત્રણ પેઢીના સંબધોના સ્મરણો વાગોળ્યા હતા. મહેતા પરિવારના મોભી શ્રી મહેન્દ્રભાઈ મહેતા અને શ્રીમતી સુનીબેન મહેતાએ આર્શીવચન આપતા કહ્યું હતુ કે, સ્મરણોને સંગ્રહી સંબધોની જોડ મજબૂત બની રહે. મહેતા પરિવારના શ્રી જય મહેતા, શ્રીમતી જુહી મહેતા, કુ. રાધા મહેતા મીનાક્ષી પરિવારના શ્રી નિશીત વ્યાસ, શ્રીમતી ઈશાની વ્યાસ, કું. દેવાંશી વ્યાસ, શ્રી હરિવંશ વ્યાસ તથા એકઝીક્યુટીવ ડાયરેકટરશ્રી સુરેશભાઈ કોઠારી તસ્વીરમાં નજરે પડે છે.

# જળબચાવ માટે જળ સાક્ષરતા અભિયાન આરંભાશે

ગાંધીનગર, તા.૧૨

મહાત્મા મંદિર ખાતે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટમાં 'જળ સુરક્ષા અને ક્લાયમેટ ચેઈન્જ' નામના સેમિનારમાં બોલતાં કેન્દ્રીય પર્યાવરણ મંત્રી શ્રી પ્રકાશ જાવડેકરે જણાવ્યું કે જળ બચાવવા માટે અને કુદરતી સંસાધનોના રક્ષણ માટે 'જળ સાક્ષરતા અભિયાન' શરૂ કરવાની જાહેરાત કરી હતી. પાણી બચાવ અને કુદરતી સ્ત્રોતોના રક્ષણ માટે આની સાથે સાથે જનભાગીદારીની તાતી જરૂર હોવાનું પણ મંત્રીશ્રીએ જણાવ્યું હતું. એમણે કહ્યું કે લોકો આને આંદોલનરૂપે નહીં ઉપાડી લે ત્યાં સુધી કોઈ કાયદો કે વટહુકમ જળસુરક્ષાને સુનિશ્ચિત નહીં કરી શકે.

ગંગા નદી શુદ્ધિકરણની શરૂઆત સ્વચ્છતા તરફનું એક વધુ સકારાત્મક પગલું હોવાનુ એમણે જણાવ્યું હતું. નદીઓને પ્રદૂષણથી બચાવવાની સાથે સાથે નદીઓને જોડવાની પરિકલ્પનાને વધુ વિસ્તૃત કરવા પર એમણે ભાર મૂક્યો હતો. દેશના દક્ષિણ ભાગની ગોદાવરી અને કૃષ્ણા એવી સમાંતર નદીઓ જોડવા અંગે પણ મંત્રીશ્રીએ પોતાના વિચારો પ્રદર્શિત કર્યા હતા.

દુષ્કાળ પરિસ્થિતિઓને કારણે આત્મહત્યા માટે પ્રેરાતા ખેડૂતો માટે તેઓના વિસ્તારમાં વધારાનું પાણી પહોંચાડવા માટે નવી યોજનાઓ અંગે સરકાર ટૂંક સમયમાં જ નિર્ણય લેશે એવી ખાતરી શ્રી જાવડેકરે આપી હતી. એમણે કહ્યું કે આ યોજનાઓ ઓછા ખર્ચે, પર્યાવરણના રક્ષણ સાથે લાંબા ગાળાના ફાયદાવાળી બની રહે એના પર સરકાર ખાસ ધ્યાન કેન્દ્રીત કરી રહી છે. સેમિનારમાં ડેન્માર્કના મંત્રી મોર્ગન જેન્સને વિષય પર પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. ગુજરાતના મંત્રી શ્રી વિજય રૂપાણીએ સ્વાગત પ્રવચન કર્યુહતું. ચર્ચા સત્રમાં નિષ્ણાતો પ્રો. આસિત કુમાર વિશ્વાસ, શ્રી બુંદીલોહાણી વગેરેએ ભાગ લીધો હતો.

# ટેક્ષટાઈલ પાર્ક અને ફાર્માસ્યુટીકલ ઈન્ડસ્ટ્રીઝ માટે ૧.૫ બિલીયન ડોલરના એમ.ઓ.યુ.

ગાંધીનગર, તા.૧૨

મહાત્મા મંદિર ખાતે સાતમી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૧૫ના શાનદાર પ્રારંભના બીજા દિવસે મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં ચાઈનીઝ એસોસીએશન ઓફ સ્મોલ એન્ડ મિડીયમ એન્ટરપ્રાઈઝ દ્વારા ગુજરાતમાં ૧.૫ બિલીયન ડોલરના રોકાણ સાથે ટેકસટાઈલ ઈન્ડસ્ટ્રીઝ પાર્ક અને ફાર્માસ્યુટીકલ ઈન્ડસ્ટ્રીઝ પાર્ક સ્થાપવા જી.આઈ.ડી.સી. તથા ઈન્ડેક્ષ-બી સાથે સમજૂતિ કરાર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત જુદી જુદી ૯ કંપનીઓએ મેન્યુફેકચરીંગ ક્ષેત્ર માટે રૂ.૮૦ કરોડના રોકાણ અંગેના સમજૂતિ કરાર કરી ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસની રહેલી વિપુલ તકોમાં વિશ્વાસ વ્યકત કર્યો હતો.

પ્રાસંગિક ઉદ્દબોધનમાં મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે જણાવ્યું હતું કે રોજગાર નિર્માણમાં નાના, લઘુ અને મધ્યમ ઉદ્યોગોનું બહુમૂલ્ય યોગદાન રહયું છે. તેથી જ નાના-મધ્યમ ઉદ્યોગ ક્ષેત્રમાં રોકાણોની વ્યાપક વૃદ્ધિ માટે પ્રોત્સાહક નીતિ અમલમાં મૂકી છે.











ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com